# પ્રજા આગળ છે અને કોંગ્રેસ પાછળ છે

કોંગ્રેસ હજુ વિપક્ષની ભૂમિકામાંથી બહાર આવવાની માનસિકતા ઘડવામાં પાછળ કેમ રહે છે તે સમજાતુ નથી. ગુજરાત પર 'ઓખી'ની આસમાની આફત ઉતરી આવતાં પ્રધાનમંત્રી મોદીએ કાર્યકરોને પ્રજાને મદદરૂપ થવા ટ્વીટર ઉપર અપીલ કરી પણ કોંગ્રેસ પાછળ રહી. કોંગ્રેસના કાર્યકરો સો ટકા પોતપોતાના વિસ્તારમાં ફરજ બજાવશે એની ના નથી પરંતુ એ કામગીરીને પ્રજા સુધી પહોંચાડવામાં હજુ હિચકિચાટ કોંગ્રેસ કેમ અનુભવે છે એ કાયડો છે. રાહુલ ગાંધી દ્વારા પણ અપીલ કરાવવી જોઈએ અને પ્રદેશના નેતાઓએ પણ અપીલ કરવી જોઈએ. એ કોંગ્રેસે ભાજપ પાસેથી શીખવુ જોઈએ. કોંગ્રેસે સોમવારે વચનપત્ર જાહેર કર્યુ. પ્રજાના મોટાભાગના પ્રશ્નોને આવરી લેતુ વચન પત્ર તૈયાર કરવામાં ભારે પુરૂષાર્થ કરાયો હોય એમ દેખાય છે, પરંતુ એની પ્રસિદ્ધિમાં વધુ કાળજી લેવાઈ હોત તો વધુ પરિણામલક્ષી બની શકત. ચારેય ઝોનના કાર્યકારી પ્રમુખો દ્વારા અનુક્રમે વડોદરા, સુરત, રાજકોટ અને મહેસાણા ખાતેથી એક જ સમયે જાહેર કરાયો હોત તો વધુ લોકભોગ્ય બની શકે. ખેર, કોણ જાણે કેમ પ્રજા આગળ છે ને કોંગ્રેસ પાછળ છે..!!

રાહુલ ગાંધી અને કોંગ્રેસ પરના એક જ પ્રકારના આક્ષેપોથી ભાજપનો કરિશ્મા ઝંખવાઈ રહ્યો છે. અને ભાષણોના અતિરેકથી પ્રજા અકળામણ અનુભવે છે. કાર્યકરો થાક અનુભવે છે. વક્તાની વ્યવસ્થા - શ્રોતાની વ્યવસ્થા, પ્રચાર-પ્રસારની ભૂમિકાથી કાર્યકરો અને મુખ્ય આયોજકો તંગ આવી ગયા છે. પ્રધાનમંત્રી હોય કે કેન્દ્રીય મંત્રી, મુખ્યમંત્રી હોય કે મંત્રીઓ હોય, સભાઓ જો યોગ્ય મર્યાદામાં થાય તો એ વક્તાની અને વક્તવ્યની અસર અને આભા બન્ને સચવાય, પણ ખબર નહીં પણ ભાજપ મચી જ પડ્યુ છે ! હવે પ્રજા ભાષણોથી ઉબકાઈ ગઈ છે. ખર્ચાનો કોઈ પાર નથી એ કાર્યકરોય સમજે છે ને પ્રજાય સમજે છે. પણ યોગ્ય જગ્યાએ, યોગ્ય સમયે યોગ્ય કાર્ય માટે ખર્ચાવા જ જોઈએ પણ વેડફાવા ના જોઈએ. ભડાકા અને તડાકામાંથી ધરતી પર આવવાનો સમય આવી પહોંચ્યો છે એમ સર્વેના આંકડા બોલે છે. ત્યારે ધાકધમકીમાંથી બહાર નીકળવુ જોઈએ. ૨૦ વરસ પહેલાના ભાજપમાં જે પ્રેમ-લાગણી ને હુંફનો માહોલ હતો એવો માહોલ નિર્માણ નહીં થાય તો એની કિંમત ચુકવવા તૈયાર રહેવુ પડશે..!! અને હા..! ૧૮મી પછી જોઈ લઈશુ એવા વાક્યો ભાજપને શોભતા નથી.




**ધાકધમકીનો માહોલ બંધ નહી કરાય તો ભાજપે કિંમત ચુકવવી પડશે**

'ઓખી'ની આફતે આજે બધાને માપમાં લાવી દીધા. હજી તો કાલે આવું જ રહેશે. એટલે પ્રચારમાં બે દિવસનું વિઘ્ન રાજકીય પક્ષોને તો ખૂંચે છે, અને ખટકે છે પણ આપણે પ્રજા તરીકે, ખેડૂત તરીકે, વેપારી તરીકે, વિદ્યાર્થી તરીકે આપણને જે પરેશાની થઈ રહી છે તેના વિશે વાત કરવાનો સમય નથી કે વિવેક નથી એ પણ આપણે સમજવુ પડશે. આપણા દુઃખે દુઃખી અને આપણા સુખે સુખી એ જ આપણો પ્રતિનિધિ છે.

**- નિમિત્ત માત્ર**

# ભર શિયાળે શ્રાવણિયો માહોલ

**શહેરમાં મોસમનો વિચિત્ર નઝારો ગુલાબી ઠંડીમાં રીમઝીમ વરસાદ જનજીવન પ્રભાવિત : ઓખી વાવાઝોડાની અસર વચ્ચે સુસવાટા મારતા પવન સાથે આખો દિવસ વરસાદ વરસ્યો : નગરજનો ઠંડીમાં ઠુંઠવાયા : લઘુત્તમ અને મહત્તમ તાપમાન એકસરખુ : ખેડુતો ચિંતામાં વરસાદી વાદળો આજે પણ યથાવત રહે તેવી સંભાવના**





ગાંધીનગર તા ૫

ઓખી વાવાઝોડાની અસર વચ્ચે આજે શહેરમાં સવારથી વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડા પવનના સુસવાટા સાથે વરસાદ વરસ્યો હતો. ગઈકાલે પણ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. જયારે આજે સવારથી જ વાતાવરણમાં હીલસ્ટેશન જેવો માહોલ જોવા મળ્યો હતો. વરસાદના લીધે સેકટરોમાં ઠેર ઠેર કાદવ કીચ્ચડ જોવા મળ્યા હતા. નાગરિકોએ પણ કામ સિવાય ઘરની બહાર જવાનુ ટાળ્યુ હતુ. ઓખી વાવાઝોડાની અસર વચ્ચે તંત્ર પણ એલર્ટ મોડમાં છે.

છેલ્લા બે દિવસથી શહેરમાં વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો જોવા મળી રહયો છે. ગઈકાલે આખો દિવસ વાદળિયા વાતાવરણના લીધે નગરજનોએ સુસ્તીનો અનુભવ કર્યો હતો. જયારે આજે સવારથી જ વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડા પવનના સુસવાટા સાથે વરસાદ વરસ્યો હતો. સવારથી જ સતત વાવાઝોડાની અસર વર્તાઈ હતી. સવાર થી આખો દિવસ રીમઝીમ વરસાદ વરસતા જનજીવન પ્રભાવિત થયુ હતુ. નગરજનો દિવસ દરમિયાન પણ વરસતા વરસાદ વચ્ચે ઠંડીમાં ઠુંઠવાયા હતા. મોસમના વિચિત્ર મિજાજની અસર વચ્ચે શહેરમાં વરસાદી માહોલના લીધે નગરનુ જનજીવન વિશેષ રૂપે પ્રભાવિત થયુ હતુ. શિયાળાની ઠંડીના દિવસોમાં વરસાદ ખાબકતા નગરજનો બેવડી અસરથી ત્રસ્ત બન્યા હતા. મોસમનો વિચિત્ર મિજાજ અનુભવતા નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળ્યા ન હતા. જયારે દિવસ દરમિયાન વરસતા વરસાદની સાથે પવનનુ જોર પણ વધુ રહેતા નગરને આકરી ઠંડીએ બાનમાં લીધુ હતુ. ઠંડીના લીધે રાહદારીઓ ગરમ કપડાની સાથે રેઈનકોટ પહેરીને જતા નજરે પડયા હતા. વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાને લઈ જિલ્લા તંત્રને પણ સાબદુ કરી દેવાયુ છે. તા ૫ અને ૬ ડિસેમ્બરે વરસાદની આગાહીને ધ્યાને લઈ તંત્ર એલર્ટ મોડમાં છે. બીજીતરફ વરસાદના લીધે ખેડુતોમાં પણ ચિંતા પ્રવર્તી છે. શિયાળુ પાકને નુકશાન થવાની ચિંતા સતાવી રહી છે. વરસાદી વાયરના લીધે નગરજનોએ આજે ઠંડીમાં ધ્રુજવાનો વારો આવ્યો હતો. હજુ પણ ઠંડી વધવાની સંભાવના છે. ત્યારે રાત્રિના સમયે નગરજનો કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. આખો દિવસ ઝરમર વરસતા વરસાદના લીધે

● અનુસંધાન પાન-૫ પર

## શહેરની શાળાઓ ચાલુ રહેશે : ડી ઈ ઓ

ગુજરાતમાં ઓખી વાવાઝોડુ ત્રાટકતા આજે દિવસ દરમિયાન વરસાદી વાયરો જોવો મળ્યો હતો. વ્હેલી સવારે સુસવાટા મારતા ઠંડા પવન વચ્ચે રીમઝીમ વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. જેના લીધે વાતાવરણમાં ઠંડીનુ જોર પણ વધ્યુ હતુ. વરસાદી વાતાવરણના લીધે જનજીવન પ્રભાવિત થયુ હતુ. નગરજનોએ કામ સિવાય ઘરની બહાર નિકળવાનુ ટાળ્યુ હતુ. વાવાઝોડાની અસરના લીધે રાજયના વેરાવળ, સોમનાથ ,સુરત સહીતના વિસ્તારમાં શાળાઓમાં રજા આપી દેવામાં આવી છે. ગાંધીનગર જિલ્લામાં શાળાઓ આજે રાબેતા મુજબ જ ચાલુ રહેશે. જિલ્લા શિક્ષણાધિકારીના જણાંવ્યા મુજબ શહેરની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી નથી.

## વરસતા વરસાદમાં ભાજપનો ચુંટણી પ્રચાર

શહેરમાં આજે વરસાદી વાતાવરણે જમાવટ કરી હતી. વાવાઝોડાની અસરના લીધે સવારથી જ આકાશમાં ઘેરાયેલા વરસાદી વાદળો દિવસ દરમિયાન રીમઝીમ વરસ્યા હતા. ઠંડા પવનના સુસવાટા અને વરસતા વરસાદમાં પણ રાજકીય પક્ષોએ પ્રચારનો દૌર ચાલુ રાખ્યો હતો. ગાંધીનગર ઉત્તરના ઉમેદવારને જીત અપાવવા માટે ભાજપના કાર્યકરો અને આગેવાનોએ આજે ઉનાવામાં મહાકાળી મંદિર પાસેથી પ્રચાર અભિયાન શરૂ કર્યુ હતુ. ગામમાં જાહેરસભા પણ યોજાઈ હતી. ઉમેદવાર અશોક પટેલ સહીત કાર્યકરોએ વરસતા વરસાદમાં પ્રચાર અભિયાન હાથ ધર્યુ હતુ. આ ઉપરાંત સાંજે સે-૨૪ માં પણ વરસાદી નઝારા વચ્ચે ભાજપના કાર્યકરો તેમજ નેતાઓએ સ્વેટર અને રેઈનકોટમાં લપેટાઈને ડોર ટુ ડોર પ્રચાર કર્યો હતો. વેપારીઓએ પણ તેમને આવકાર્યા હતા.

# પાટલી બદલુને માણસાવાસીઓ બોધપાઠ આપશે : સુરેશ પટેલ

**બાબુજી રીસાયા નથી ..પ્રવાસમાં સાથે જ હોય છે...કોંગ્રેસની જ સીટ છે.. જીત નિશ્ચિત છે...પાટીદારો પણ ભાજપને ઘરભેગી કરવાના મુડમાં..અપક્ષ ઉમેદવારો અંગે પ્રજા જાગૃત : સુરેશ પટેલ**

ગાંધીનગર તા ૫



અઢી મહીના અગાઉ બાયપાસ સર્જરી કરાવી હાલ ચુંટણીમાં જીત હાંસલ કરવા માટે માણસા મત વિસ્તારના ગામડાઓ ખુંદતા સુરેશ પટેલ માને છે કે તેમનો વિજય નિશ્ચિત છે. માણસા વિસ્તારની સિંચાઈની સમસ્યાઓનુ નિરાકરણ લાવવુ છે. ખેડુતોના પ્રશ્નો હલ કરવા છે. ભાજપથી પ્રજા ત્રાહીમામ છે.કોંગ્રેસને પ્રજા ચોકકસ બહુમત આપશે.

**સીધો સંવાદ - ધનંજય જોષી**

**પક્ષ પલ્ટુ અમિત ચૌધરી માટે તમારી દ્રષ્ટીએ સ્થાનિકોમાં શુ લાગણી છે ?**

પક્ષપલ્ટુ ઉમેદવાર છે. સ્થાનિક માણસા વાસીઓમાં આમપણ રોષ છે. લોકોની લાગણીનો વિચાર કર્યા વગર પગલુ લીધુ છે. માણસાવાસીઓ બોધપાઠ આપશે.

**તમારી જીત થાય તો માણસા વિસ્તાર માટે શુ કરશો ?**

માણસા વિસ્તારમાં સિંચાઈની સમસ્યા છે. ઘણી જગ્યાએ કેનાલ બનાવી છે. સુજલામ સુફલામમાં પાણી નથી. તળાવ ખોદેલા છે. પાઈપલાઈન વાટે પાણી આપવુ પડશે. મીટરથી નવા જોડાણ આપ્યા છે. ખેડુતોને હોર્સ પાવરથી આપવા પડશે. જેમાં મોટો તફાવત પડશે. આર્થિક ફાયદો થશે.

**આગામી ચુંટણીમાં તમારી જીત કેમ થશે ? કયા મતદારોનો રોલ વિશેષ નિર્ણાયક પુરવાર થશે ?**

આ સીટ આમ પણ કોંગ્રેસની છે. અગાઉ બાબુજી , અમિતભાઈ અને ઈશ્વરભાઈ ચાવડાએ પણ અગાઉ જીત મેળવી છે. પરંતુ ભાજપમાંથી મંગળદાસ પટેલ અગાઉ જીત મેળવી ચુક્યા છે. એટલે આમ તો કોંગ્રેસની સીટ જ છે. પાટીદાર સમાજમાંથી આવુ છુ. પાટીદાર સમાજના ૫૪ હજાર મત છે. ચૌધરી સમાજના ૧૯ હજાર અને ઠાકોરના ૪૨ હજાર મત છે. તે મને મળશે.

**બાબુજી રીસાયા હતા વાત સાચી ? જિલ્લા પંચાયતમાં ૬ સીટ મળી હતી તેનો ફાયદો થશે ?**

ના ક્યારેય નહીં મારી સાથે પ્રવાસમાં સાથે હોય છે. પલિયડ સોજા સીટના જુના મતદારો સીધા મારી સાથે જોડાયેલા છે. બધાનુ સમર્થન મળશે.

**સુરેશ પટેલને જીત મળશે તેનુ મજબુત કારણ શુ ?**

મારુ નસીબ કહો કે... લોકલાગણી.. જે ગણો તે .. ટીકીટ નહોતી

● અનુસંધાન પાન-૫ પર

# કમોસમી વરસાદને પગલે ખેડૂતો ચિંતાતુર

ગાંધીનગર, તા. ૫

નગરમાં માગસર મહિનામાં જ ચોમાસા જેવો માહોલ થઈ જતાં આરોગ્યતંત્ર સહિત જિલ્લાનું તંત્ર પણ એલર્ટ મોડ પર આવી ગયુ છે.

ઓખી વાવાઝોડાને પગલે આજે વહેલી સવારથી શરૂ થયેલા ઝરમરીયા વરસાદને કારણે શહેર અને જિલ્લાના ઘણા બધા ગ્રામ્ય વિસ્તારમાં પાણી ભરાઈ જવાની ઘટનાઓ સામે આવી છે.

બીજી તરફ કમોસમી વરસાદને પગલે ખેડૂતો પણ ચિંતાતુર બન્યા છે. બટાકાના પાકને જેમને તાજુ વાવેતર કર્યુ હોય તેવા ખેડૂતોમાં ભયની લાગણી પ્રસરી છે. આ ઉપરાંત રાઈ, કપાસ જેવા પાકને પણ નુકશાન થવાની ભીતિ ઉભી થતાં ખેડૂત ચિંતાતુર બન્યો છે. જિલ્લામાં ઠંડીનો માહોલ મોડો જામતાં વાવેતર પણ મોડુ થયુ છે અને હવે હવામાનમાં ઓખી વાવાઝોડાના પગલે કમોસમી વરસાદ થતાં ખેડૂતોની ચિંતાઓ વધી જવા પામી છે.

ઠેર ઠેર પાણી ભરાઈ જવાને કારણે રોગચાળાની સ્થિતિ વકરી શકે તેવી સંભાવનાઓથી જિલ્લાનું આરોગ્યતંત્ર પણ ચિંતીત બન્યુ છે. કારણ કે વાતાવરણ સ્વચ્છ થયા પછી ઠંડીનો જે માહોલ પકડાશે તેનાથી રોગચાળાની સ્થિતિ ઉભી થવાનો પણ ભય રહે છે. વાહકજન્ય રોગચાળો તેમજ શ્વાસના અને સ્વાઈન ફ્લુના દર્દીઓ મળી શકે તેવો ભય તંત્રને સતાવી રહ્યો છે. જિલ્લાતંત્રએ તમામ સંબંધિત વિભાગોને આ માટે સતર્ક રહી પરિસ્થિતિ પર નજર રાખવા માટે તાકીદ કરી છે.

**રાઈ, કપાસ અને બટાટાને નુકશાનનો ભય : પાણી ભરાઈ રહેતાં રોગચાળાની સ્થિતિ અંગે આરોગ્યતંત્ર પણ ચિંતામાં ગરકાવ : જિલ્લાતંત્રએ સતર્ક રહી સ્થિતિ પર નજર રાખવા કરેલી તાકીદ**

**દુઃખદ અવસાન**



દુઃખ સાથે જણાવવાનું કે **સ્વ.અનુભાઈ ત્રિવેદી** (નિવૃત્ત નાયબ સચિવ, વિધાનસભા) ના નાના સુપુત્ર **પરેશભાઈ ત્રિવેદી (કેની)** તા.૩-૧૨-૨૦૧૭ના રોજ તેમના **મોટાભાઈ રોબિનભાઈ ત્રિવેદી** ના નિવાસ સ્થાને શ્રીજી ચરણ પામ્યા છે.

**સદ્ગતનું બેસણું તથા લૌકિક ક્રિયા રાખેલ નથી**

| | |
|---|---|
| સ્વ. શ્રી અનુભાઈ ત્રિવેદી | સ્વ. શ્રી સુશીલાબેન ત્રિવેદી |
| રોબિન ત્રિવેદી (93273 37428) | ભાવના ત્રિવેદી |
| ગીરીશ ત્રિવેદી | મીના ત્રિવેદી |

**ભાજપે આપી દીધેલી ૧૬ લાખ ચો. મીટર**

# જમીન ઉદ્યોગપતિઓ પાસેથી આંચકીને કર્મચારીઓને આપીશુ : ડૉ. સી.જે. ચાવડા


**ટોકન ભાવે ઉદ્યોગો સ્થાપવાના બહાને કેટલાક ઉદ્યોગપતિઓને જમીનો આપી ભ્રષ્ટાચાર કર્યો ને આ જમીનમાં હજુ ઉદ્યોગો સ્થપાયા નથી : સરકારી કર્મચારીઓને આપવા પ્લોટનો ટુકડો આપવા ભાજપની દાનત નથી**

ગાંધીનગર, તા. ૫

કોંગ્રેસ દ્વારા ગઈકાલે જાહેર કરવામાં આવેલા ચૂંટણી ઢંઢેરામાં ગાંધીનગરના નાગરીકોને સ્પર્શતા અનેક મુદ્દાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ફી મામલે ચાલતી ઉઘાડી લૂંટ પર અંકુશ લાવવો, ખેડૂતોના દેવા માફી, ફીક્સ પગાર-કોન્ટ્રાક્ટ પદ્ધતિ નાબુદ કરવી અને સરકારી કર્મચારીઓને પ્લોટ આપવો સહીતના મુદ્દાઓ સીધા ગાંધીનગરને સ્પર્શે છે તેમ ગાંધીનગર ઉત્તરના કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાએ જણાવીને ઉમેર્યું હતું કે આ તમામ મુદ્દાઓનું અમલીકરણ કોંગ્રેસની સરકાર આવશે ત્યાર બાદથી પ્રથમ કેબીનેટ બેઠકથી જ શરૂ કરવામાં આવશે.

ગાંધીનગર ઉત્તરના કોંગ્રેસના ઉમેદવાર ડૉ. સી.જે. ચાવડાએ પત્રકાર પરિષદ યોજીને વધુમાં જણાવ્યું હતું કે ભાજપ સરકારની દાનત નથી કે તે સરકારી કર્મચારીઓને પ્લોટ આપે. જમીન ન હોવાના દાવા કરતી ભાજપે ઘણા ઉદ્યોગપતિઓને ઉદ્યોગો સ્થાપવા ટોકન ભાવે લાખો ચોરસ મીટર જમીન આપી દીધી છે. પુરી ફાઉન્ડેશનને ૧૦ લાખ ચો.મી. જમીન અપાઈ છે. સત્યમ કોમ્પ્યુટર્સને બે લાખ ચો.મી. જમીન અપાઈ છે. આવા ઘણા ઉદ્યોગપતિઓને જમીનો અપાઈ છે. જે ૧૬ લાખ ચો.મી. જેટલી જમીન છે. જેના હેતુ હજુ સુધી સિદ્ધ થયા નથી. કોંગ્રેસની સરકાર આવશે તો પહેલા આ જમીનો ઉદ્યોગપતિઓ પાસેથી આંચકી લઈને સરકારી કર્મચારીઓને પ્લોટ આપવાનું પુનઃ શરૂ કરશે. પટાવાળાથી માંડીને ચીફ સેક્રેટરી સુધીના કર્મચારીઓ-અધિકારીઓને રાહતદરે પ્લોટ આપવાનું શરૂ કરાશે તેમ ડૉ. સી.જે. ચાવડાએ જણાવ્યું છે. તે ઉપરાંત કર્મચારીઓના એરીયર્સના નાણા રોકડમાં આપવામાં આવસે તેમ ઉમેર્યું હતું.



**ગાંધીનગર મહાનગર બક્ષીપંચ મોરચાના હોદ્દેદાર તરીકે નિમણુંક થવા બદલ અભિનંદન...**



**માધુભાઈ પ્રજાપતિ**
ઉપપ્રમુખ, બક્ષીપંચ મોરચો,
ભાજપ, ગાંધીનગર મહાનગર



**મહેન્દ્રભાઈ પટેલ (દાસ)**
શહેર પ્રમુખ
ભાજપ, ગાંધીનગર મહાનગર



**માંગીલાલ ગુર્જર**
કાર્યાલય મંત્રી, બક્ષીપંચ મોરચો,
ભાજપ, ગાંધીનગર મહાનગર

-: શુભેચ્છકો :-

**સમસ્ત રાજસ્થાન સમાજ, ગાંધીનગર**

- તુલસીભાઈ કે. માલી - કન્વીનર, ગુજરાત પરપ્રાંતિય ઓબીસી અધિકાર મંચ
- મદનભાઈ યુ. મોદી - પ્રમુખ, તેલી (મોદી) સમાજ ગાંધીનગર
- ગોવિંદભાઈ તેલી - બોરીજ
- રમેશભાઈ પંચાલ - ધોળાકુવા
- દિપાજી મેઘવાલ - પેથાપુર
- કૈલાસબેન લખવારા - સેક્ટર-૨૪
- હરદેવભાઈ ગુર્જર - ક-૭ ચોકડી
- મુપાજી પ્રજાપતિ - સેક્ટર-૨૪
- રતિલાલ પ્રજાપતિ - સેક્ટર-૨૧, શાકમાર્કેટ
- બાબુજી પ્રજાપતિ - સેક્ટર-૨૪
- નરેશભાઈ પ્રજાપતિ - પ્રમુખ, મારૂ પ્રજાપતિ સમાજ, ગાંધીનગર
- વિક્રમસિંઘ રાજપૂત - સેક્ટર-૧૨
- દૂધારામ રબારી - ઘ-૫ ચોપાટી
- સુરેશભાઈ જૈન - સેક્ટર-૨૪
- ગોપાલભાઈ શર્મા -
- આઈદાનભાઈ માલવિયા - સેક્ટર-૨૫
- અસલારામજી સોની - સેક્ટર-૨૭
- પ્રદિપભાઈ ચંપાવત - સેક્ટર-૨૪
- મુકેશભાઈ વ્યાસ - સેક્ટર-૬
- જગદાનભાઈ ચારણ - સેક્ટર-૨૬
- પિરાજી વણઝારા - સેક્ટર-૨૫
- દિનેશભાઈ માજીરાણા - સેક્ટર-૨૪, ઈન્દિરાનગર છાપરા
- તલકાજી મેઘવાલ - પેથાપુર

**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT Turning Dreams into Concrete Reality | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan

**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com